ફોજદારી કેસ નં- 448/ 2021

# -:: આંક-૧ ચાર્જશીટ નીચે હુકમ ::-

(૧) ચાર્જશીટ તેમજ તે લગત કેસ પેપર્સ વંચાણે લીધા, પ્રસ્તુત કેસમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના આધારે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ-૧૮૮ મુજબના ગુનાઓ સબબ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૭૩ મુજબનો રીપોર્ટ (ચાર્જશીટ) કરવામા આવેલ છે. ચાર્જશીટ ફોજદારી રજીસ્ટરે દાખલ કરવામા આવેલ પરંતુ આરોપીને સમન્સ કાઢવામા આવેલ નહી.

(૨) ઈ.પી.કોડની કલમ-૧૮૮ મુજબનો ગુન્હો ક્રીમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ના પ્રથમ શીડયુલ મુજબ કોન્ગીઝેબલ ગુન્હો છે પરતું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૯૫ વંચાણે લેતા તેમાં ઈ.પી.કોડ ની કલમ-૧૭૨ થી કલમ-૧૮૮ હેઠળના ગુનાઓમા સંબંધીત રાજય સેવક / અધીકારી કે વહીવટ હેતુઓ માટે તેઓની નીચેના રાજય સેવક દવારા લેખીત ફરીયાદ દાખલ કરવામાં ન આવે ત્યાં સુધી કોર્ટે આ ગુનાઓનુ સંજ્ઞાન લઈ શકે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે, પ્રસ્તુત કેસમા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવામાં આવેલ છે, ફરીયાદ વંચાણે લેતા આરોપીએ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનાઓએ પ્રસીધ્ધ કરેલ જાહેરનામાનો ભંગ કરેલાનુ જણાવેલ છે પરંતુ હાલના કેસમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૯૫ વંચાણે લેતા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી કે તેઓના નીચેના વહીવટી અધીકારી ધ્વારા કોર્ટમાં લેખીત ફરીયાદ દાખલ કરવામા આવેલ નથી અને આ કામે ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલ જાહેરનામામાં ફરીયાદ કરવાની સતા પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવતા તમામ અધિકારીઓને આપવામાં આવેલ હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને તે મુજબ પો.સ્ટે.ના હેડ કોન્સ્ટેબલ / એ એસ આઈ દવારા હાલની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. રૂબરૂ આપવામાં આવેલ છે પરંતું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૯૫ મુજબની અદાલતમાં ખાનગી ફરીયાદ કરવામાં આવેલ નથી, આવી ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપવા બાબતે નામદાર સુપ્રીમ કોર્ટ દવારા દોલતરામ વિ સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર ૧૯૬૨ એસ.સી પેજ નં-૧૨૦૬ માં ઠરાવેલ છે કે મેજીસ્ટ્રેટ ધ્વારા પોલીસ રીપોર્ટ ઉપર લેવામા આવેલ સંજ્ઞાનમા આરોપી તકસીરવાન ઠરાવવામા આવેલ હોય અને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૯૫ નો બાધ લાગુ પડતો હોય તો આવી સજા મેજીસ્ટ્રેટની હકુમત વિના ગણાય અને કાર્યવાહી પ્રથમથી રદ (અ:મ્ઢબ્ખ્ ઙ્ઘત્ત્ઃ) ગણાય, તેવી જ રીતે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા રામજી ભીખા કોલી વિ.સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૯ સી.આર.એલ.જે ૧૨૪૪ તેમજ અરૂધંતી ભટાચાર્ય વિ. સ્ટેટ ઓફ ગુજરાત ફો.પ.અરજી નંબર-૧૨૮૧૮/૨૦૧૪ ના ચુકાદામા ઠરાવેલ છે કે, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૯૫ માં જણાવેલ ગુનાઓમાં લેખીત ખાનગી ફરીયાદ કરવી ફરજીયાત છે આમ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૯૫ તથા ઉપરોકત ચુકાદા મુજબ ઈ.પી.કોડની કલમ-૧ ૮૮ મુજબના ગુનામાં પોલીસ ચાર્જશીટ ફાઈલ કરી શકે નહી તેમજ આવા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૭૩ મુજબનો રીપોર્ટ(ચાર્જશીટ)ને અદાલત ખાનગી ફરીયાદ તરીકે પણ ધ્યાને લઈ શકે નહી, તેવા સંજોગોમાં પોલીસ દવારા ઈ.પી.કોડની કલમ-૧૮૮ મુજબના

ગુન્હામાં ખાનગી ફરીયાદ અદાલતમાં નહી કરી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી તપાસ કરી ચાર્જશીટ કરેલ છે તે ગેરકાયદેસર ગણાય અને કોઈ પણ કારણોસર કાયદા મુજબની ગણી શકાય નહી અને તેવા સંજોગોમાં આરોપી સામે ઈ.પી.કોડની કલમ–૧૮૮ મુજબના ગુન્હામાં ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકાય નહી કે કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય નહી.

(૩) આમ ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામે કાયદાનો બાધ નડતો હોવાથી કોન્ગીઝન્સ લઈ શકાય નહી. અને જો કોર્ટ કોગ્નીઝન્સ લઈને કેસ ચલાવી આરોપીને કસુરવાન કે નીર્દોષ ઠરાવે તે કાયદા મુજબ યોગ્ય નથી, આમ આરોપીનો કેસ ચલાવી શકાય નહી જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

## –:: હુ ક મ ::–

- હાલના કેસના ગુણદોષમાં ઉતર્યા વગર હાલના કેસની કાર્યવાહી ક્રીમી. પ્રોસી. કોડની ક.૨૫૮ હેઠળ સ્થગીત કરી આરોપીને બીનતહોમત છોડી ફેંસલ કરવામાં આવે છે.
- સરકારશ્રીને / પોલીસ ખાતાને હાલની ફરીયાદ બાબતે યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી કરી ખાનગી ફરીયાદ કરવા માટે સદર હુકમથી કોઇ બાધ આવશે નહી.
- સદર કામે જો કોઈ મુદામાલ કબજે કરવામા આવેલ હોય અને તે બાબતે જો કોઈ વચગાળાનો હુકમ થયો હોય તો તે કાયમ કરવામા આવે છે. જો મુદામાલ બાબતે કોઈ હુકમ થયેલ ન હોય તો મુદામાલના માલીકની તપાસ કરી મુદામાલ તેના માલીકને સોંપવાનો હુકમ કરવામા આવે છે.

સ્થળ–રાજકોટ
**તારીખ– ૧૦/૦૭/૨૦૨૧**

(હસમુખભાઈ જયસંગભાઈ પરમાર)
**જજ કોડ–HH SM0 GJ01467**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.(રેલ્વે),
રાજકોટ